# પ્રેસનોટ

ગુજરાત સરકાર, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: મહક/૧૦૨૦૧૪/૧૦૧/સ, તા.૧૮/૧૧/૨૦૧૪ આધારે રાજ્યના પોલીસ વિભાગમાં પો.સ.ઇ. (અનાર્મ્ડ)- ૫૦૦, એ.એસ.આઇ (અનાર્મ્ડ)- ૮૦૦, કોન્સ્ટેબલ (અનાર્મ્ડ)- ૫૬૫૦, કોન્સ્ટેબલ(આર્મ્ડ) -૧૫૦૦, કુલ- ૮,૪૫૦ જગ્યાઓની ભરતી કરવા સારૂ મંજુરી આપવામાં આવેલ હતી. જે અનુસંધાને ભરતી પ્રક્રિયા સારૂ ગૃહ વિભાગના તા.01/03/૨૦૧૪ ના ઠરાવથી નીચે મુજબના ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ.

A. <u>પો.સ.ઇ./એ.એસ.આઇ. ભરતી બોર્ડ</u> – અધ્યક્ષશ્રી મનોજ અગ્રવાલ, IPS સંયુક્ત પોલીસ કમિશનર,સેક્ટર-૧,અમદાવાદશહેર તથા ચાર સભ્યો

B. <u>લોકરક્ષક ભરતી બોર્ડ</u> – અધ્યક્ષશ્રી જ્ઞાનેન્દ્રસીંગ મલીક, IPS સચીવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર તથા ચાર સભ્યો.

ભરતી પ્રક્રિયા સારૂ તા.૨૧/૧૧/૨૦૧૪ થી તા.૧૩/૧૨/૨૦૧૪ સુધી ઉપરોક્ત ત્રણ પ્રકારની જગ્યાઓ સારૂ http://ojas1.guj.nic.in વેબ સાઇટ ઉપર ઓન લાઇન ઉમેદવારી ફોર્મ ભરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલી. જે મુજબ કુલ ૬,૬૦,૦૦૦ થી વધુ ઉમેદવારોએ ફોર્મ ભરેલા છે જેમાંથી સ્ત્રી ઉમેદવારો ૧,૧૦,૦૦૦ થી વધુ છે તથા પુરૂષ ઉમેદવારો ૫,૫૦,૦૦૦ થી વધુ છે.

## 1. <u>પો.સ.ઇ./એ.એસ.આઇ./લોકરક્ષક ભરતીની સંપુર્ણ પ્રક્રિયા</u>

સૌ પ્રથમ શારીરીક ક્ષમતા કસોટી લેવામાં આવશે જે નીચે મુજબ રહેશે.

પુરૂષ ઉમેદવાર – ૮૦૦ મીટર દોડ ૩ મીનીટ ૧૦ સેકન્ડ જેમાં પાસ થનારે ૫૦૦૦ મીટર દોડ ૨૫ મીનીટમાં પુર્ણ કરવાની રહેશે.

મહિલા ઉમેદવાર- ૧૬૦૦ મીટર દોડ ૯ મીનીટ ૩૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે.

માજી સૈનિક - ૨૪૦૦ મીટર દોડ ૧૨ મીનીટ ૩૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે.

- શારીરીક ક્ષમતા કસોટી પાસ કરેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે.
- લેખીત પરિક્ષા પાસ કરેલ પો.સ.ઇ. તથા એ.એસ.આઇ. ની જગ્યા માટેના ઉમેદવારો મૌખિક ઇન્ટરવ્યુ લેવામાં આવશે
- ઉપરોક્ત ત્રણેય કસોટીઓમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોના મેરીટ આધારે આખરી પરિણામ તૈયાર કરવામાં આવશે.

## 2. શારીરીક માપ ધોરણ

❖ પુરૂષ ઉમેદવાર –

- **ઉંચાઇ** - લધુત્તમ-૧૬૫ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે,
- ઉંચાઇ લધુત્તમ-૧૬૨ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે
- **છાતી** - ફુલાવ્યા વગરની ૭૯ સે.મી. લધુત્તમ હોવી જોઇએ
- છાતી ફુલાવેલી ૮૪ સે.મી. લધુત્તમ હોવી જોઇએ (૫ સે.મી. નો ફુલાવો અનિવાર્ય છે)
- **વજન** – પુરૂષ ઉમેદવારો માટે ૫૦ કિ.ગ્રા. ઓછામાં ઓછુ હોવું જોઇએ.

❖ મહિલા ઉમેદવાર – પો.સ.ઇ./એ.એસ.આઇ. માટે

- **ઉંચાઇ** લધુત્તમ-૧૫૮ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે,
- ઉંચાઇ લધુત્તમ-૧૫૬ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે

❖ મહિલા ઉમેદવાર – લોકરક્ષક માટે

- **ઉંચાઇ** લધુત્તમ-૧૫૫ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે,
- ઉંચાઇ લધુત્તમ-૧૫૦ સે.મી. મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે
- **વજન** – મહિલા ઉમેદવારો માટે ૪૦ કિ.ગ્રા. ઓછામાં ઓછુ હોવું જોઇએ

## 3. શારીરીક ક્ષમતા પરિક્ષા કેન્દ્રની યાદી

શારીરીક ક્ષમતા કસોટી તા.૨૧/૧/૨૦૧૫ થી શરૂ થનાર છે સમગ્ર ભરતી પ્રક્રિયા ખુબજ ઝડપી પુર્ણ કરી શકાય તે સારૂ એક સાથે ગુજરાતના અલગ અલગ ૧૬ કેન્દ્ર ઉપર શારીરીક ક્ષમતા કસોટી યોજવામાં આવશે. જે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ તમામ કેન્દ્રો ઉપર અસરકારક સુપરવિઝન માટે અમદાવાદ શહેર ખાતે કંટ્રોલરૂમ બનાવવામાં આવેલ છે.

| કેન્દ્ર (ગ્રાઉન્ડ) ની યાદી | | | |
|---|---|---|---|
| ૧ | પોલીસ મુખ્ય મથક, શાહીબાગ, અમદાવાદ | ૯ | પોલીસ હેડ કવાર્ટર, ખેડા |
| ૨ | SRPF Gr.II, સૈજપુર, અમદાવાદ | ૧૦ | SRPF Gr.V, ગોધરા |
| 3 | SRPF Gr.XII, ગાંધીનગર | ૧૧ | પોલીસ હેડ કવાર્ટર, વલસાડ |
| ૪ | પોલીસ હેડ કવાર્ટર, હિંમતનગર | ૧૨ | પોલીસ હેડ કવાર્ટર, રાજકોટ શહેર |
| ૫ | પોલીસ હેડ કવાર્ટર, પાલનપુર | ૧૩ | SRPF Gr.XIII, રાજકોટ |
| ૬ | પોલીસ હેડ કવાર્ટર, રાજપીપળા (નર્મદા) | ૧૪ | SRPF Gr.XI, વાવ (સુરત) |
| ૭ | પોલીસ તાલીમ શાળા, વડોદરા | ૧૫ | આર.ડી. ઝાલા હોર્સ ગ્રાઉન્ડ, યુનીવર્સીટી ગ્રાઉન્ડ, ભાવનગર |
| ૮ | SRPF Gr.VII, નડીયાદ | ૧૬ | પોલીસ હેડ કવાર્ટર ભરૂચ |